ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(GCERT), ગાંધીનગર

(ધોરણ 6 પ્રવેશ પરીક્ષા માટે) ગુજરાતી – પ્રશ્નબેંક

(1) નીચેનામાંથી શાકાહારી પ્રાણી કયું છે?

(A) સિંહ (B) વાઘ (C) બકરી (D) મગર

(2) 'શાળા' શબ્દની વધુ નજીકનો વિકલ્પ કયો છે?

(A) રસોડું ,બેઠક ખંડ, સોફાસેટ (C) બગીચો , સોફાસેટ, હિંચકો

(B) વર્ગખંડ,રમતનું મેદાન, બગીચો (D) વર્ગખંડ, સોફાસેટ, હિંચકો


(3) સાપના રહેઠાણને શું કહેવાય?

(A) ઘર (B) બોડ (C) દર (D) ગુફા

(4) ઉંદરના રહેઠાણને શું કહે છે?

(A) ઘર (B) દર (C) રાફડો (D) ગુફા

(5) આ ચિત્રને આધારે નીચેનામાંથી કયો વિકલ્પ સૌથી વધુ સાચો છે?



(A) ચાલે છે.

(B) નૃત્ય કરે છે.

(C) એક છોકરી દોડી રહી છે.

(D) એક છોકરો દોડી રહ્યો છે.

(6) 15 – 5 = 10 ગણિતની આ રકમ માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(A) પાંચમાંથી પંદર જાય તો દસ રહે.

(B) પંદરમાંથી પાંચ બાદ કરતાં જવાબ દસ મળે.

(C) દસમાંથી પાંચ ઓછા કરતાં જવાબ પંદર મળે.

(D) દસમાં પાંચ ઉમેરતાં જવાબ 15 મળે.

(7) કૂતરું છલાંગ મારીને પલંગ પર ......... .

(A) કૂદ્યું (B) કૂદી (C) કૂદકો (D) કૂદ્યો

(8) રાધાએ ગીતાને .................. નોટબુક આપી.

(A) પોતાની (B) પોતાનું (C) પોતાનો (D) પોતે

(9) ............... ધમ ધમ કરતો જંગલમાં ચાલતો હતો.

(A) હાથી (B) સસલું (C) ખિસકોલી (D) ચકલી

(10) દ્રાક્ષ સ્વાદે ................ હોય છે.

(A) ખાટી (B) ખારી (C) મોળી (D) કડવી

| | | |
|---|---|---|
| (11) | યોગ્ય ક્રમમાં ગોઠવેલ શબ્દો ધરાવતું વાક્ય  કયું છે?<br>(A) ઝૂલતું મજા લેતો અને ખેતરમાં હતું તડકાની ડાળ પર ટમેટું.<br>(B) મજા લેતું અને ઝૂલતું તડકાની ડાળ પર ખેતરમાં ટમેટું હતું.<br>(C) ખેતરમાં ડાળ પર ટમેટું ઝૂલતું અને તડકાની મજા લેતું હતું.<br>(D)_ખેતરમાં ટમેટું ડાળ પર જુલતો અને તડકાની મજા લેતું હતું. | |
| (12) | શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવેલા શબ્દો હોય તેવો વિકલ્પ પસંદ કરો.<br>(A) અમે શાળાએ સવારી કરી છીએ ઊંટગાડીમાં જઈએ.<br>(B) શાળાએ અમે ઊંટગાડીમાં સવારી કરી જઈએ છીએ.<br>(C) અમે ઊંટગાડીમાં સવારી કરી શાળાએ જઈએ છીએ.<br>(D) ઊંટગાડીમાં સવારી કરી અને જઈએ શાળાએ છીએ. | |
| (13) | લીટી દોરેલ શબ્દના બદલે કૌંસનો શબ્દ મૂકી સાચું વાક્ય બનાવો. અનિલ રમતો હતો. (અનિલા)<br>(A) અનિલા રમતી હતી.<br>(B) અનિલા રમતો હતી. | <br>(C) અનિલા રમતું હતું.<br>(D) અનિલા રમેલી હતું. |
| (14) | લીટી દોરેલ શબ્દના બદલે કૌંસનો શબ્દ મૂકી સાચું વાક્ય બનાવો. બાળક રમતું હતું. (બાળકો)<br>(A) બાળકો રમતી હતી.<br>(B) બાળકો રમતું હતું. | <br>(C) બાળકો રમે.<br>(D) બાળકો રમતાં હતાં. |
| (15) | લીટી દોરેલ શબ્દના બદલે કૌંસનો શબ્દ મૂકી સાચું વાક્ય બનાવો. હું ફરવા જઈશ. (અમે)<br>(A) અમે ફરવા જઈશ.<br>(B) અમે ફરવા જઈશું. | <br>(C) અમે ફરીશું.<br>(D) અમે ફર્યા. |
| (16) | લીટી દોરેલ શબ્દના બદલે કૌંસનો શબ્દ મૂકી સાચું વાક્ય બનાવો. મેં ચા બનાવી. (મમ્મી)<br>(A) મેં નહીં મમ્મીએ ચા બનાવી.<br>(B) મમ્મીએ ચા બનાવી. | <br>(C) મમ્મી ચા બનાવે છે.<br>(D) મમ્મીએ ચા બનાવ્યું. |
| (17) | લીટી દોરેલ શબ્દના બદલે કૌંસનો શબ્દ મૂકી સાચું વાક્ય બનાવો. ગીતા વીણા વગાડતી હતી. (રાહુલ)<br>(A) ગીતા વિણા વગાડતો હતો.<br>(B) રાહુલ વીણા વગાડતી હતી. | <br>(C) રાહુલ વીણા વગાડતો હતો.<br>(D) રાહુલે વીણા વગાડી હતી. |
| (18) | મોરના ટહુકા નો અવાજ કેવો હોય?<br>(A) ચી ચી (B) ટેહુક ટેહુક | <br>(C) ઘૂ ઘૂ (D) મ્યાઉં મ્યાઉં |
| (19) | કુકડી જમીન પર વધારે રહે છે. કારણ કે ...<br>(A) તેને જમીન પર રહેવું જ ગમે છે.<br>(B) તે વધારે ઊંચે ઊડી શક્તિ નથી. | <br>(C) તેને આકાશમાં ઉડતાં બીક લાગે છે.<br>(D)_કુકડાએ ઉડવાની ના પાડી છે. |

(20) ધોળી - કાળી તો ચોખ્ખું - ?

(A) ભીનું (B) સાફ (C) ગંદુ' (D) રાતું

(21) અહીં બેસીને આપણે જમીએ. અહીં '**બધા**' માટે કયો શબ્દ વપરાયો છે?

(A) અહીં (B) બેસીને (C) આપણે (D) જમીએ

(22) સંજય આવ્યો અને નીરવ ગયો, તેના પપ્પા તેને લેવા આવ્યા હતાં. અહીં તેના એટલે કોના પપ્પા?

(A) સંજય (B) નીરવ (C) બંનેના (D) કોઈના પણ નહીં

(23) આ સાડીની કિંમત શું છે? આ વાક્યમાં કિંમતનો અર્થ જણાવો.

(A) મૂલ્ય (B) હિંમત (C) પૈસા (D) શોભા

(24) તમે તરવામાં નિષ્ણાત છો. નિષ્ણાતનો અર્થ જણાવો.

(A) મૂર્ખ (B) હોંશિયાર (C) કારીગર (D) શીખવનાર

(25) એનું આયખું પૂરું થઈ ગયું. 'આયખું'નો અર્થ શો થાય?

(A) આયુષ્ય (B) આખું (C) ઉંમર (D) સમય

(26) મેં એક બિલાડી પાળી છે. ......... રંગે બહુ રૂપાળી છે.

(A) તે (B) તેઓ (C) તમે (D) તેની

(27) ઝાડ પરથી પાંદડાં કઈ ઋતુમાં ખરે?

(A) વસંત (B) પાનખર (C) હેમંત (D) વર્ષા

(28) નજીકના અર્થવાળું વાક્ય શોધો. કાજલે હકારમાં માથું હલાવ્યું.

(A) કાજલે હુંકાર ભર્યો. (C) કાજલે હા કહી.

(B) કાજલે ચૂપ રહેવાનો ઈશારો કર્યો. (D) કાજલે ના કહી.

(29) સૌથી વધુ લાંબું આયુષ્ય નીચેનામાંથી કયા પ્રાણીનું છે?

(A) કાચબો (B) કૂતરો (C) બકરી (D) ગાય

(30) નીચેનામાંથી સૌથી ઝડપથી કયું પ્રાણી દોડે છે?

(A) ચિત્તો (B) સસલું (C) હરણ (D) ગાય

(31) જો મને તાવ આવશે તો ....

(A) હું ડોક્ટર પાસે જઈશ. (B) હું દોડીશ. (C) હું બૂમો પાડીશ . (D) હું રમવા જઈશ

(32) મને નાહવું ખૂબ ગમે છે. બોલો હું કોણ?

(A) ભેંસ (B) ગાય (C) કૂતરું (D) ઉંદર

(33) ભારત દેશનું રાષ્ટ્રીય પ્રાણી કયું છે?

(A) વાઘ (B) સિંહ (C) હાથી (D) ગાય

(34) ભારત દેશનું રાષ્ટ્રીય પક્ષી કયું છે?

(A) મોર (B) કબૂતર (C) ચકલી (D) પોપટ

(35) નાગણ સૌ વિલાપ કરે છે. આ વાક્ય માટે સાચો વિકલ્પ કયો છે?

(A) નાગને બહુ દુઃખ આપશે. (C) નાગને છોડાવશે.

(B) નાગણોનો હાર લઈ જશે. (D) નાગણો દુઃખ અનુભવે છે.

(36) પોણો લાખ એટલે

(A) 75 હજાર (C) એક લાખ 35 હજાર

(B) 25 હજાર (D) એક લાખ 50 હજાર

(37) કઈ જોડણી સાચી છે?

(A) સગડી (B) શગડી (C) ષગ્ગડી (D) સ્ગડી

(38) નીચેના પૈકી કયું વાક્ય સાચું છે?

(A) લાગી છે મને ભૂખ બા ખૂબ. (C) લાગી મને છે બા ખૂબ ભૂખ.

(B) બા મને ખૂબ ભૂખ લાગી છે. (D) છે મને લાગી ખૂબ આ ભૂખ.

(39) બંને સાથે જઈએ એટલે મજા જ પડે. ....... મારી પાસે વાહન નથી.

(A) પરંતુ (B) તેથી (C) કેમ કે (D) એટલે

(40) ખૂબ ચાલી .......... થાકી ગઈ.

(A) કેમકે (B) પરંતુ (C) એટલે (D) પણ

(41) મિત્ર માટે નીચેનામાંથી કયો શબ્દ જુદો પડે છે.

(A) ભેરુ (B) ભાઈબંધ (C) ભાઈ (D) દોસ્ત

(42) આવતીકાલે અમે ફિલ્મ જોવા ........... .

(A) ગયા (B) જશો (C) જવું (D) જઈશું

(43) વાક્ય પૂરું કરો. મેં હમણાં જ ........ .

(A) ખાધું (B) ખાઈશ (C) ખાવું (D) ખાઉં છું

(44) 'બમ બમ ભોલા' કાવ્યમાં સારું માતા, હવે હું જાઉં છું. આ વાક્ય જેવો અર્થ ધરાવતી પંક્તિ નીચેનામાંથી કઈ છે?

(A) મુજને ના બીવડાવશો (C) અચ્છા મૈયા હમ ચલતે હૈ

(B) હું જ બન્યો તો બાવો (D) લઈએ પળ નો લહાવો

(45) નીચેનામાંથી સાચું વાક્ય પસંદ કરો.

(A) નાનું બાળક રમતી હતી. (C) નાનું બાળક રમતું હતું.

(B) નાનું બાળક રમતો હતો. (D) નાનું બાળક રમતા હતા.

| | | | | |
|---|---|---|---|---|
| | પંક્તિ વાંચીને પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો. (પ્રશ્ન ક્રમાંક 46 થી 49)<br>મારા ભાઈને એક ભાઈ<br>એક હું ને એક રતન<br>રતન ને તો બે બહેન<br>એક રેખા અને એક ચંદા<br>મારા દાદા ને ત્રણ દીકરા<br>રમણ ચમન તરલ<br>રમણ મારા કાકા ને ચમન મારા મોટાપપ્પા | | | |
| (46) | રતનના પિતાનું નામ શું છે?<br>(A) રમણ | (B) ચમન | (C) <u>તરલ</u> | (D) વિરલ |
| (47) | રતનને કેટલાં ભાઈ બહેન છે?<br>(A) બે | (B) ત્રણ | (C) <u>ચાર</u> | (D) એક |
| (48) | રતનના પિતાને કેટલા ભાઈઓ છે?<br>(A) એક | (B) બે | (C) <u>ત્રણ</u> | (D) ચાર |
| (49) | રતનના પિતાના મોટાભાઈનું નામ શું છે?<br>(A) રમણ | (B) <u>ચમન</u> | (C) તરલ | (D) એક પણ નહિ |
| (50) | તમને ....... કરવું ગમે?<br>(A) <u>શું</u> | (B) કેવી | (C) કેમ | (D) ક્યારે |
| (51) | બિલાડી ........ દેખાય છે?<br>(A) શું | (B) <u>કેવી</u> | (C) કેમ | (D) ક્યારે |
| (52) | તમે મને રમવા .......... જવાં દેતા નથી?<br>(A) શું | (B) કેવી | (C) <u>કેમ</u> | (D) ક્યારે |
| (53) | પ્રિયા, તું મારા ઘરે ....... આવીશ?<br>(A) શું | (B) કેવી | (C) કેમ | (D) <u>ક્યારે</u> |
| (54) | આપણે ફરવા ....... જઈશું એ તો કહો.<br>(A) શું | (B) કેવી | (C) ક્યાં | (D) <u>ક્યારે</u> |
| (55) | બળવાન એટલે .....<br>(A) <u>તાકાતવર</u> | (B) બાળે તેવું | (C) બચાવનાર | (D) બળ આપનાર |
| (56) | બકરું, બકરી અને બકરા ............. . (યોગ્ય વિકલ્પ પસંદ કરો.)<br>(A) <u>ભાગ્યા</u> | (B) ભાગી | (C) ભાગ્યો | (D) એક પણ નહિ |

| | |
|---|---|
| (57) | પાટીમાં મેં દરિયો દોર્યો. દરિયા વચ્ચે ટાપુ દોર્યો. આ કવિતાના આધારે જણાવો ટાપુ ઉપર કોણ ઊભુ છે ?<br>(A) વાંદરો (B) પત્તું (C) ઝુલો (D) ઝાડ |
| (58) | પરીક્ષામાં પૂરતી તૈયારી .......... જવું જોઈએ.<br>(A) કરીને (B) હરી ફરીને (C) બની ઠનીને (D) સજીધજીને |
| (59) | દાખલા આવડ્યા પછી મને ગણિતમાં રસ પડવા માંડ્યો. આ વાક્ય બોલતી વખતે કયો ભાવ આવશે ?<br>(A) રડવું આવવું (B) ડર લાગવો (C) આનંદ આવવો (D) ગુસ્સે થવું. |
| (60) | માસી, હવે હું રમવા જાઉં? નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.<br>(A) વાક્ય ગુસ્સાથી બોલાયું છે. (C) વાક્ય મજાકમાં બોલાયું છે.<br>(B) આ વાક્ય વડીલ પાસેથી રજા લેવા માટેનું છે. (D) ભણવું ન પડે તેના માટે બોલાયું છે |
| (61) | આજ્ઞા સાથે કયો ભાવ જોડાયેલો છે?<br>(A) ગુસ્સો (B) આદર (C) પ્રેમ (D) શાંત |
| (62) | કયો શબ્દ દરિયાનો સમાનાર્થી નથી.<br>(A) ઉદધિ (B) અમ્બુધિ (C) વારાહી (D) જલધિ |
| (63) | પ્રાસવાળો શબ્દ શોધો. - ખારા<br>(A) મારા (B) ખજૂર (C) બેટા (D) મીરા |
| (64) | આજે રવિવાર છે. શાળાએ જવાનું નથી. આ બે વાક્યને જોડવા નીચેનામાંથી કયો વિકલ્પ આવશે?<br>(A) તેથી (B) તે (C) પરંતુ (D) પણ |
| (65) | નાનો હતો ત્યારે હું જાડો હતો. આ વાક્ય માટે નીચેનામાંથી શું લાગુ પડે છે<br>(A) પહેલાં (B) અત્યારે (C) પછી (D) હમણાં |
| (66) | નીચેનામાંથી જમીન પરનું સૌથી મોટું પ્રાણી કયું છે?<br>(A) હરણ (B) શિયાળ (C) ગેંડો (D) શાહમૃગ |
| (67) | ગધેડાના બચ્ચાને શું કહેવાય છે?<br>(A) વાછરડું (B) ખોલકું (C બોતડુ (D) ગોતડું |
| (68) | ઘોડાના બચ્ચાને શું કહેવાય છે?<br>(A) વાછરડું (B) ખોલકું (C બોતડુ (D) વછેરુ |
| (69) | જો આજે ઠંડી લાગશે તો ....<br>(A) હું બૂમો પાડીશ. (C) હું સ્વેટર પહેરીશ.<br>(B) હું રમવા જઈશ. (D) હું છત્રી લઈશ. |